# ઉત્તર ભારતમાં ધુમ્મસથી ટ્રેન-વિમાની સેવા ખોરવાઈ



## ૫૦થી વધુ ટ્રેનોને રદ કરવાનો નિર્ણય લેવાયો : સ્થિતિમાં કોઈપણ સુધાર થાય તેવી શક્યતા નહીંવત : ઘણા પગલાં

નવી દિલ્હી,તા.૨૦

દિલ્હી અને ઉત્તર ભારતના અન્ય રાજ્યોમાં ધુમ્મસના કારણે ભારે અંધાધૂધી ફેલાઈ ગઈ છે. આજે સતત પાંચમાં દિવસે ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. ૫૦થી વધુ ટ્રેનોને રદ કરવાની ફરજ પડી હતી. વિમાની સેવાને પણ અસર થઈ છે. સ્થિતિમાં સુધારો નહીં થતાં ઉત્તર રેલવેએ ૫૦થી વધુ ટ્રેનો આ મહિનાના અંત સુધી રદ કરવાનો નિર્ણય લીધો છે. ધુમ્મસની સ્થિતિના કારણે રેલવે અને વિમાની સેવા ઠપ દેખાઈ રહી છે. ઘણી ટ્રેનો મોડેથી દોડી રહી છે. આજે સવારે પણ નવી દિલ્હી વિમાની મથકે વિઝિબિલીટી ખૂબ ઓછી રહી હતી. રેલવે દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. છેલ્લા પાંચ દિવસથી ટ્રેન સેવા ખોરવાયેલી છે.

૫૩ પેસેન્જર ટ્રેનો રદ કરવા ઉપરાંત ઉત્તર રેલવે દ્વારા અન્ય છ ટ્રેનોને આશિંક રીતે રદ કરવાની જાહેરાત કરી છે. પંજાબ, પૂર્વીય ઉત્તર પ્રદેશ, હરિયાણામાં ઘણી બધી ટ્રેનો ૨૧મી ડિસેમ્બરથી ૩૦મી ડિસેમ્બર સુધી દોડશે નહીં. શ્રેણીબદ્ધ ટ્રેનો ૨૦ કલાકથી પણ મોડી દોડી રહી છે. પૂર્વીય ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણામાં ધુમ્મસની સ્થિતિ સર્જાયેલી છે. યાત્રીઓની સુરક્ષાના સાથે બાંધછોડ નહીં કરવાનો નિર્ણય કરાયો છે. ગુરુવારના દિવસે પણ રેલવે દ્વારા ચાર ટ્રેનો રદ કરાઈ હતી અને ૧૩ ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરાયો હતો. હવામાન વિભાગનું કહેવું છે કે ધુમ્મસની સ્થિતિમાં હાલ સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. લો વિઝિબિલિટીના કારણે ૧૪થી વધારે ફ્લાઈટો રદ કરવામાં આવી છે.


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


કોઇ સંબંધમાં ગેરન્ટી નથી હોતી, સંબંધોનો કોઇ ટ્રેડમાર્ક નથી, સંબંધો તો બસ જીવાતા હોય છે

- ડો. શરદ ઠાકર


Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૮૦ | ૨૧ ડિસેમ્બર, ૨૦૧૩, શનિવાર; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં તીવ્ર ઠંડીનું મોજુ

## મોસમની વિક્રમ ઠંડી શુક્રવારે વહેલી સવારે નોંધાઈ : માત્ર ૨૪ કલાકમાં પાંચ ડિગ્રી પારો ગગડ્યો : જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર વધુ એક વખત ઠંડીમાં લપેટાઈ રહ્યું છે. શુક્રવારે વહેલી સવારે મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. હજુ તો ૨૪ કલાક પહેલા લઘુત્તમ તાપમાન ૧૩.૫ હતુ ત્યાં તો થોડાક જ કલાકોમાં સાડા પાંચ ડિગ્રી જેટલો પારો ગગડીને ૭.૯ ડિ.સે. પર અટક્યો હતો. સમગ્ર ગુજરાતમાં ઠંડીનું મોજુ વધુ એક વખત આક્રમકતાથી આવી રહ્યું છે. હવામાનશાસ્ત્રીઓના અનુમાન મુજબ આગામી છ દિવસ આખુ ગુજરાત ઠંડીમાં થથરશે. પારો ૬ ડિગ્રી સુધી ઉતરવાની સંભાવના છે.

ગાંધીનગર શહેર ગયા સપ્તાહમાં પાંચ-પાંચ દિવસ સુધી રાજ્યમાં સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. તાપમાનમાં બે દિવસના ઉછાળા બાદ ફરીથી કોલ્ડવેવમાં ગાંધીનગર લપેટાયુ છે. અચાનક જ ઠંડીના આક્રમક રૂખથી જનજીવન પર ઘેરી અસર વર્તાઈ રહી છે. વસાહતીઓ સહિત જાણે આખી પ્રકૃતિ ઠંડીની ઘેરી અસર હેઠળ આવી ગઈ છે.

વાતાવરણમાં રહેલી ઠંડકની અસરના કારણે દિવસે પણ ગરમ વસ્ત્રોમાં લપેટાવવા ફરજ પડી હતી. વાહનચાલકો અને રાહદારીઓ ગરમ વસ્ત્રોમાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા. મોડી રાત્રે જ ઠંડીની તીવ્ર અસર શરૂ થઈ જતા વસાહતીઓના બ્લેન્કેટ, રજાઈમાં ઢબુરાઈ જવું પડ્યું હતું. વહેલી સવારે વસાહતીઓ ઘરની બહાર નીકળવાની હિંમત કરી શક્યા ન હતા. ઠંડીની સાથે ખુબ ધુમ્મસ રહેતા વસાહતીઓની સવાર મોડી


● અનુસંધાન પાન-૭ પર


### ક્યાં કેટલુ તાપમાન

| શહેર | લઘુત્તમ તાપમાન |
|---|---|
| ગાંધીનગર | ૭.૯ |
| ડીસા | ૯.૫ |
| નલીયા | ૯.૦ |
| અમદાવાદ | ૧૧.૪ |
| વલસાડ | ૧૧.૬ |
| વડોદરા | ૧૩.૪ |
| અમરેલી | ૧૨.૦ |
| ભાવનગર | ૧૪.૨ |
| દ્વારકા | ૧૭.૨ |




(તસવીર : દિપક જાની)



કુટુંબ કથા - માણસાના આંગણે ગુજરાતમાં સૌપ્રથમ 'કુટુંબકથા'નું આયોજન થઈ રહ્યું છે. 'મા-બાપને ભૂલશો નહિ' કાર્યક્રમના સફળ વક્તા શ્રી અશ્વિનભાઈ જોષીની વ્યાસાસને આરંભાતી આ કુટુંબકથા સામાજીક ક્રાંતિની દિશામાં આગવું કદમ છે. વ્યાસપીઠ પર આનંદીબાના વડલાની નીચે ગ્રામીણ પરંપરાગત ઝુંપડી બનાવાઈ છે અને ઝુંપડીની લગોલગ વ્યાસપીઠ પર બેસી 'મા-બાપનો મહિમા' ગાન કરાશે. પારિવારીક પ્રશ્નો વધતા જાય છે ત્યારે સંબંધોની દુનિયામાં એક નવા સંવેદનો પ્રગટાવતી કથા સમાજમાં એક નવો ચિલો ચાતરશે.

# ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ૭૨૬ કરોડ જેટલી માતબર રકમ ગુજરાતને ફળવાઈ

અમદાવાદ, તા. ૨૦

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ગુજરાતના ૧૨૧૦.૭૫ કિ.મી.ના ૧૧૨ રસ્તાઓના કામ માટે રૂ. ૭૨૬.૩૧ કરોડ જેટલી માતબર રકમ ફાળવણી કરવામાં આવી છે. તેને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યુંહતુંકે ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં રસ્તાઓનું નેટવર્ક મજબુત થાય. ગ્રામ્ય વિસ્તારમાં હાલાકી ઓછી થાય તે હેતુથી ૧૨૧૦.૭૫ કિ.મી. લંબાઈના ૧૧૨ રસ્તાઓ માટે રૂ. ૭૨૬.૩૧ કરોડ જેટલી માતબર રકમ ગુજરાતને ફળવાઈ છે.

છાશવારે ગુજરાતને અન્યાયની વાત કરનાર ભાજપ સરકાર નવા રસ્તાના કામમાં અને સમારકામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર કરે છે. જેના પરિણામે ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં રસ્તાઓ વારંવાર ધોવાઈ જાય છે.

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રીશ્રી જયરામ રમેશના રાજ્યના મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશની લખાયેલા તા. ૯-૧૨-૨૦૧૩ પત્રની વિગતો આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યુંહતુંકે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે સામાન્ય વિસ્તારમાં ૮૭૮.૯૭ કિ.મી. લંબાઈના રસ્તાના ૭૯ કામ માટે રૂ. ૫૧૦.૭૯ કરોડ અને આદિવાસી વિસ્તારમાં ૩૩૨.૮૦ કિ.મી. લંબાઈના ૩૩ કામ માટે રૂ. ૨૧૫.૫૧ કરોડ જેટલી રકમ આમ કુલ ૧૨૧૦.૭૫ કિ.મી.ની લંબાઈના ૧૧૨ કામ માટે રૂ. ૭૨૬.૫૧ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.

ગુજરાત સરકાર ગ્રામીણ વિસ્તારમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી સડક યોજના અન્વયે ફાળવેલ નાણાંમાં ભ્રષ્ટાચાર કર્યા વિના મહત્તમ ઉપયોગ કરે જેથી ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે સારા રસ્તાઓ ઉપલબ્ધ થાય અને સારી સુવિધા મળે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મહિલા સભ્યના રાજીનામા છવાયેલા રહેશે

## ૩જી જાન્યુઆરીએ પંચાયતની સામાન્ય સભામાં નવા સભ્યો મુકાશે કે કેમ તેને લઈ અટકળો

ગાંધીનગર, તા.૨૦

આગામી ૩જી જાન્યુઆરીના રોજ મળનાર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓના સભ્યોએ આપેલા રાજીનામાનો મુદ્દો સૌથી વધારે છવાયેલો રહેશે. સભ્યોના રાજીનામાની સાથે સાથે નવી નિમણુંક અંગેની રાજકીય ઉત્સુકતા પણ પંચાયત વર્તુળોમાં જોવા મળી રહી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલની અધ્યક્ષતામાં મળનારી આ સામાન્ય સભાને લઈ તંત્ર એ તૈયારીઓ આરંભી દીધી છે.

આ સામાન્ય સભામાં પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતી ભીખીબેન ઠાકોરના રાજીનામા ઉપરાંત શ્રીમતી મંગીબેન પટેલ, શ્રીમતિ જયોત્સનાબેન પટેલ અને શ્રીમતી હીનાબેન પટેલે સમિતના સભ્યપદેથી આપેલા રાજીનામા અંગે નિર્ણય લેવામાં આવશે.

જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના સભ્યપદે નિમાયેલા ભાજપના શ્રી રમણભાઈ વાઘેલાએ પણ રાજીનામું આપ્યું છે. જો કે હજુ આ રાજીનામા અંગે પંચાયતના સત્તાધીશોએ તેમના પત્તા ખોલ્યા નથી. તેમના રાજીનામા અંગે પણ સામાન્ય સભામાં ચર્ચાઓ થાય તેવી શકયતાના નિર્દેશો મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદેથી શ્રીમતિ ભીખીબેન ઠાકોરે આપેલા રાજીનામા અંગે તંત્ર એ તેની ખરાઈ કરી લીધી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના આ અંગેના અહેવાલ સાથે રાજીનામુ મંજૂર કરવાની દરખાસ્ત રજુ થશે.

તો અન્ય મહિલા સભ્યો બે કરતાં વધુ સમિતિમાં સભ્યપદ હોવાથી અને શ્રીમતી હીનાબેન પટેલ પ્રમુખપદે નિયુકત થતાં તેમણે રાજીનામા આપ્યા છે. જે સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવશે. આ પછી આ સ્થાનો પર અન્ય સભ્યોની નિયુકતીપણ આ સભામાં જ કરી દેવાશે તેમ કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. જિલ્લાના નેતાઓ દ્વારા હાલ આ અંગેની કવાયતને લઈ મૌન ધારણ કર્યું છે.

# પંચાયતના સભ્યો દ્વારા ૧૮૯ લાખના વિકાસકામો હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સભ્યોએ સૂચવેલા રૂ. ૧૮૯ લાખના વિકાસકામોને વહીવટીય મંજૂરી આપી દીધી છે અને હવે ટૂંકમાં જ આ વિકાસકામો હાથ ધરવામાં આવશે.

જિલ્લા પંચાયત દ્વારા સભ્યોને તેમના વિસ્તારમાં વિકાસકામો હાથ ધરવા માટે સ્વભંડોળમાંથી રૂ. ૭ લાખની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. સભ્યોએ આ અંગેના કામ સૂચવવાના હતા. જે કામો સૂચવાઈને આવતાં તંત્રએ હવે તેને વહીવટીય મંજૂરી પણ આપી દીધી છે. આ મંજૂરી મળતાં હવે કામો આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો મુજબ સભ્યોએ સોલાર લાઈટ્સ, રસ્તા તેમજ ગટરલાઈનના કામો ઉપરાંત અન્ય પણ કેટલાક કામો સૂચવ્યા છે. આ કામો અંગે તાજેતરમાં કેવી રીતે અને કેટલી સમય મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે તે અંગે અધિકારીઓએ આખી નીતિ પણ તૈયાર કરી દીધી છે.

## NEWS બિટ્સ

### દેવયાની ખોબરાગડેને સપાએ લોકસભાની ટીકીટ ઓફર કરી



ગાંધીનગર, તા.૨૦

છેલ્લા કેટલાય દિવસોથી વિવાદોમાં રહેલ આઈએફએસ અધિકારી દેવયાની ખોબરાગડે જો સમાજ પાર્ટીની ઓફરનો સ્વીકાર કરે તો આગામી લોકસભાની ચુંટણીમાં જાણીતો ચહેરો બની જશે. સમાજવાદી પાર્ટીએ દેવયાનીને લોકસભાની ચુંટણીની ટીકીટ ઓફર કરી છે.

### ધૂમ-૩ની રિલિઝ પૂર્વે કેટરિના અજમેર પહોંચી



મુંબઈ, તા.૨૦

આજકાલ ચારે તરફ ધૂમ-૩ની ચર્ચા છે. શુક્રવારે ફિલ્મ રિલિઝ થાય તે પહેલા ફિલ્મની મુખ્ય અભિનેત્રી કેટરીના કૈફ અજમેર પહોંચી હતી અને સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પર ચાદર ચઢાવી હતી. ધૂમ-૩ની સફળતા માટે તેણે પ્રાર્થના કરી મન્નતનો ધાગો બાંધ્યો હતો.

### દેશભરમાં ૨૪મીએ પેટ્રોલપંપો બંધ રહેશે



ગાંધીનગર, તા.૨૦

ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડિલર એસોસીએશન દ્વારા પેટ્રોલ-ડીઝલના કમિશનમાં વધારો કરવાની માગણી સંતોષવામાં ન આવતા આગામી ૨૨ અને ૨૩મી ડિસેમ્બરના રોજ ગુજરાતભરના પેટ્રોલ પંપોમાં અંધારપટ રાખવા અને ૨૪મી તારીખે મંગળવારના રોજ એક દિવસ માટે દેશભરના પેટ્રોલ પંપ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### ૨૦૧૪માં ફરી આવે છે ૧૯૪૭

કોઈ પણ ભારતીય માટે ૧૯૪૭નું વર્ષ યાદગાર છે. કેમ




કે તે વર્ષે અંગ્રેજોની ગુલામીમાંથી ભારતને આઝાદી મળી હતી. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટ દરેક ભારતવાસીના ધબકારામાં વસે છે. હવે એ જ ઈતિહાસ જાણે પાછો ફરી રહ્યો હોય તેમ ૨૦૧૪નું કેલેન્ડર ૧૯૪૭ના કેલેન્ડરની જાણે નકલ જ હશે. એ જ તારીખો, એ જ વાર હશે. આંકડાઓનું અચરજ એવું છે કે ૬૬ વર્ષ પછી દેશની આઝાદીના ઐતિહાસિક સીમાચિહ્નનું સાક્ષી બનેલું ૧૯૪૭નું વર્ષ ૨૦૧૪ના રૂપમાં જાણે ફરી સામે આવશે.


ગુજરાત સરકાર તથા બેંકમાં નોકરી માટે વિશાળ ભરતી
તલાટી-૩૧૦૦ જગ્યાઓ
GPSC-વર્ગ-1-2, કુલ 800 જગ્યાઓ
Bank Clerk અને Officer માટેની 20,000 જગ્યાઓ માટે
Free માર્ગદર્શક સેમિનાર
સેમિનાર તારીખ : ૨૯-૧૨-૨૦૧૩, રવિવાર
સમય : સવારે ૧૦-૦૦ વાગ્યે
નિષ્ણાત તથા GPSC-UPSCમાં સફળ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન
શિલ્પ CAREER ACADEMY
તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર સામે, Axis Bank ઉપર, સેક્ટર-૧૬, ગાંધીનગર
Contact : 94269 44899, 99985 75255
ફોનથી રજીસ્ટ્રેશન કરાવવું

GPSC-1/2 PSI કલાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૬ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

આશી પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ-અમદાવાદ
રેઈનકોટ ડીલર્સને આમંત્રણ
રેઈનકોટ એકઝીબીશન કમ એડવાન્સ બુકીંગ
એડવાન્સ બુકીંગ, આકર્ષક ઓફર તેમજ વિશેષ ડિસ્કાઉન્ટ માટે રૂબરૂ મળો.
૨૨ ૨૩ ૨૪ ડિસેમ્બર
ઈમ્પોર્ટેડ પ્લાસ્ટીક મટીરીયલસ દરેક સાઈઝમાં, દરેક માટે ટેપીંગ મટીરીયલસમાં સફારી રેઈનસુટ, તેમજ રેઈનકોટ, રીવર્સેબલ ટુ ઈન વન સુટ.
આકર્ષક ફેન્સી સ્ટોક
હોટલ કોઝી રેસ્ટોરન્ટ, વાઈડ એન્ગલ સિનેમાની બાજુમાં, ખારી બ્રીજ પાસે, અમદાવાદ-મહેસાણા હાઈવે, મહેસાણા.
રેઈનકોટ બિઝનેસ સંલગ્ન સર્વે માટે.
વધુ વિગત માટે સંપર્ક 9879563106-9099916906 9879583906-9925229296

સરકારી નોકરી મેળવવા
GPSC-1/2, BANK, PSI, તલાટી, કલાર્ક, વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે
: નવી બેચનો પ્રારંભ :
22/12/2013 રવિવારથી (સમય - સવારે 8 થી 10)
: વિશેષતા :
● ગણિત - અંગ્રેજી પર વિશેષ ભાર મૂકી પાયાથી જ શિખવવામાં આવશે.
● અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ તથા વર્ષોનો અનુભવ ધરાવતી નિષ્ણાંત ફેકલ્ટીઝ.
● સોમથી શનિ દરરોજ 2 કલાકનું ટીચીંગ
● GPSC-1/2 સુધીના તમામ વિષયોનું ટીચીંગ
● સંપૂર્ણ મટીરીયલ સંસ્થા તરફથી અપાશે.
● દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત સ્વમૂલ્યાંકન.
પ્રવેશ માટે સંપર્ક 99256 98721
વિવેકાનંદ એકેડમી
677, બીજે માળ, ઇન્કવાયરી સામે, મુખ્ય શોપીંગ સેન્ટર, સેક્ટર-22, ગાંધીનગર

R WORLD BIG Cinemas
BLOCKBUSTER
R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Dhoom 3 (U/A) - 9.00, 11.00, 11.30 am, 12.15, 2.30, 3.00, 3.30, 6.00, 6.30, 7.00, 9.30, 10.00 & 10.30 pm
*schedule subject to change
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia